# ૨૫ ઓગષ્ટ -૨૦૧૬ (બુધવાર)

**(૧) જન્માષ્ટમી :**
- શ્રીકૃષ્ણ ભગવાનનો જન્મદિવસ.
- ગુજરાતી માસ પ્રમાણે શ્રાવણ વદ આઠમના રોજ કૃષ્ણ જન્મજયંતિ ઉજવાય છે.

**(૨) સાક્ષી મલિક - રેસલર :**
- ઓલિમ્પિકમાં બ્રોન્ઝમેડલ વિજેતા સાક્ષી મલિકનું હરિયાણા સરકારે વતનમાં સ્વાગત કરતા રૂા. ૨.૫ કરોડનો ચેક અને નોકરીનો પ્રસ્તાવ મૂક્યો.
- આ ઉપરાંત હરિયાણા સરકારે રાજ્યના 'બેટી બચાવો, બેટી પઢાઓ' અભિયાનની બ્રાન્ડ એમ્બેસેડર પણ બનાવી.

**(૩) અમેરિકી ટપાલ વિગની દિવાળી માટે ખાસ ટિકિટ :**
- અમેરિકન ટપાલ વિભાગે આગામી દિવાળીને ધ્યાનમાં રાખી તહેવાર માટે ખાસ ટપાલ ટિકિટ બહાર પાડવાની જાહેરાત કરી છે.
- સ્ટેમ્પમાં પરંપરાગત દિપનો ફોટો રાખવામાં આવશે.
- આ ટપાલ ટિકિટને સત્તાવાર રીતે પાંચમી ઓક્ટોબરના રોજ બહાર પડાશે.
- ભારતીય મૂળના અમેરિકી સાંસદ તુલસી ગેબોર્ડ આ મુદ્દે મોટું અભિયાન ચલાવ્યું હતું જેને અંતે સફળતા મળી.
- હંમેશ માટે ચાલુ રાખવામાં આવનારી આ ટિકિટની કિંમત અમેરિકાના એક આઉન્સની હશે.

**(૪) દિપિકા પાદુકોણ - ભારતીય અભિનેત્રી :**
- અભિનેત્રી દિપીકા પાદુકોણે ભારતીય મનોરોગ સોસાયટીની બ્રાન્ડ એમ્બેસેડર બની ગઇ છે.
- હવે તે યુવાનોને ડિપ્રેશન અને તેના જેવા જ અન્ય રોગનો સામનો કરવામાં મદદ કરશે.
- આ ઉપરાંત પ્રખ્યાત મેગેઝિન ફોર્બ્સની તાજેતરની યાદી મુજબ દિપિકા પાદુકોણ વિશ્વની સૌથી વધુ કમાણી કરતી અભિનેત્રીઓમાં ૧૦માં નંબર પર છે.
- આ યાદીમાં સ્થાન મેળવનારી તે એકમાત્ર બોલિવુડ અભિનેત્રી છે, તેની કમાણી રૂા. ૬૭ કરોડ આંકવામાં આવી છે.
- યાદીમાં હોલીવુડ અભિનેત્રી જેનિફર લોરેન્સ રૂા. ૩૦ કરોડ સાથે પ્રથમ ક્રમે છે.

**(૫) વિશ્વના ૧૦ સૌથી ધનાઢ્ય દેશોની યાદી :**
- ન્યુ વર્લ્ડ વેલ્થ સંસ્થાના રિપોર્ટ મુજબ ભારત ૫૬૦૦ અબજ ડોલરની સંપતી સાથે વિશ્વનો સાતમો ધનાઢય દેશ છે.
- આ યાદીમાં અમેરિકા ૪૮,૯૦૦ અબજ ડોલરની સંપતિ સાથે પ્રથમ ક્રમે છે.
- ત્યારબાદ ચીન, જાપાન, બ્રિટન અને જર્મની અનુક્રમે બીજા, ત્રીજા, ચોથા અને પાંચમા સ્થાને છે.
- રિપોર્ટ સંપતિ, રોકડ શેર અને બિઝનેશ આધારે તૈયાર કરવામાં આવ્યો છે.
- રિપોર્ટમાં સરકારી ભંડોળને ગણતરીમાંથી બાકાત રાખવામાં આવ્યું છે.

પ્રશ્નો :

(૧) ગુજરાતી માસ પ્રમાણે જન્માષ્ટમી ક્યારે ઉજવાય છે ?
- શ્રાવણ વદ આઠમ

(૨) હરિયાણા સરકારે રેસલર સાક્ષી મલીકને ક્યાં અભિયાનની બ્રાન્ડ એમ્બેસેડર બનાવી ?
- બેટી બચાઓ, બેટી બઢાઓ

(૩) તાજેતરમાં ક્યાં દેશની ટપાલ વિભાગ દ્વારા દિવાળી તહેવાર માટે ટપાલ ટિકિટ બહાર પાડવાની જાહેરાત કરાઈ ?
- અમેરિકા

(૪) તાજેતરમાં ભારતીય મનોરોગ સોસાયટીની બ્રાન્ડ એમ્બેસેડર કોને બનાવાઇ છે ?
- દિપિકા પાદુકોણ

(૫) ફોર્બ્સની યાદી મુજબ વિશ્વની ૧૦ સૌથી વધુ કમાણી કરતી અભીનેત્રીમાં કઇ એકમાત્ર અભિનેત્રીને સ્થાન મળ્યું છે ?
- દિપિકા પાદુકોણ (૧૦મું)

(૬) ન્યૂ વર્લ્ડ વેલ્થ સંસ્થાના રિપોર્ટ મુજબ વિશ્વના ૧૦ સૌથી ધનાઢય દેશોની યાદીમાં ભારત ક્યાં ક્રમે છે ?
- સાતમા

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧